## આઈઆઈએમ અમદાવાદ ખાતે ડિજિટલ રૂપાંતરણ કેંદ્ર દ્વારા ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને રિટેલ ટેક કન્સોર્ટિયમની સ્થાપના

~ શરૂઆતના વર્ષ માટે ફ્લિપકાર્ટ મુખ્ય ભાગીદાર તરીકે જોડાયું

~ આ કન્સોર્ટિયમ રિટેલ બ્રાન્ડ્સ, ટેક્નોલોજી ભાગીદારો અને શૈક્ષણિક વિદ્વાનોને જોડતા વ્યૂહાત્મક પુલ તરીકે કામ કરશે અને આ વિષયોમાં અધતન ગ્રાહક સંશોધન અને નવપ્રવર્તનોને આગળ વધારશે.

**23 માર્ચ, 2022:** અગ્રણી વૈશ્વિક મેનેજમેન્ટ સંસ્થા ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) ખાતે ડિજિટલ રૂપાંતરણ કેંદ્રએ તાજેતરમાં રિટેલ ટેક કન્સોર્ટિયમની સ્થાપના કરી છે અને ભારતમાં અનેક રિટેલ અને ટેક્નોલોજી સંસ્થાઓ સાથે સહયોગ કરવાની યોજના ધરાવે છે. આ કન્સોર્ટિયમ દેશના રિટેલ ટેક અગ્રણીઓ વચ્ચે વધુ સારા સહયોગ માટે ઊંડા જ્ઞાન, સંશોધન અને ઉદ્યોગની શ્રેષ્ઠ પદ્ધતિઓને રજૂ કરવા માટે કામ કરશે. ભારત સ્થિત ઈ-કોમર્સ માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટ આ કન્સોર્ટિયમના પ્રારંભિક વર્ષ માટે મુખ્ય ભાગીદાર તરીકે જોડાયું છે, જે આ પ્રયાસમાં યોગદાન આપવા માટે ઈન્ટરનેટ ઈકોસિસ્ટમમાં તેના ઉદ્યોગ જ્ઞાન અને અનુભવ અને ગ્રાહક આંતરદૃષ્ટિને ઉપયોગમાં લાવશે.

કોરોના મહામારીના છેલ્લાં બે વર્ષમાં, છૂટક વ્યાપાર ક્ષેત્રએ મોટા પાયે અનુકૂલન કર્યું છે. રિટેલનું ડિજિટલાઇઝેશન ઝડપી ગતિએ થયું છે અને તેનાથી ઓનલાઈન અને પરંપરાગત રિટેલર્સ બંનેને અસર થઈ છે. આ કન્સોર્ટિયમ મોટાભાગે દેશમાં રિટેલના ડિજીટલાઇઝેશન પર ગ્રાહકોના નિરપેક્ષ અવાજને આગળ લાવશે જે રિટેલર્સને તેમના ગ્રાહકોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે.

કન્સોર્ટિયમની સ્થાપનાની જરૂરિયાત વિશે બોલતા, આઈઆઈએમએ ખાતે ડિજિટલ રૂપાંતરણ કેંદ્રના અધ્યક્ષ, પ્રોફેસર પંકજ સેતિયાએ જણાવ્યું હતું કે, "આ સહયોગ દ્વારા, અમે રિટેલ ક્ષેત્ર જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તેના પર અધતન સંશોધન શરૂ કરવાનું, આંતરદૃષ્ટિ એકત્રિત કરવાનું અને સમગ્ર ઉદ્યોગમાં રિટેલર્સને વર્તમાન માંગ સાથે ગતિ જાળવી રાખવામાં મદદ કરવા માટે જ્ઞાન પહોંચાડવાની સુવિધા આપવાનું લક્ષ્ય રાખીએ છીએ. અમે આને તાત્કાલિક જરૂરિયાત તરીકે ઓળખીએ છીએ કારણ કે રિટેલરોએ ગ્રાહકોની સતત બદલાતી પસંદગીઓ અને નવી તકનીકી નવપ્રવર્તનોના આગમન પર ઝડપથી પ્રતિક્રિયા આપવાની જરૂર છે. ઈન્વેન્ટરીનું સંચાલન, શ્રમિકોની અછત, સપ્લાય ચેઈન લોજિસ્ટિક્સ અને ટકાઉ પ્રેક્ટિસનું પાલન એ કેટલાક અન્ય પડકારો છે જેનો મોટા ભાગના ઓનલાઈન વિક્રેતાઓ સામનો કરી રહ્યા છે. ડિજિટલ રૂપાંતરણ કેંદ્ર સંશોધન દ્વારા એકત્ર કરાયેલી આંતરદૃષ્ટિનું નિર્માણ કરશે અને તેને સૌની વચ્ચે રજૂ કરશે જે સમગ્ર ભાગીદારો દ્વારા ઉકેલોના વિકાસને સક્ષમ કરી શકે છે."

આ કન્સોર્ટિયમ જે કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરશે તેમાં દેશવ્યાપી ઉપભોક્તા સર્વેક્ષણો, કેસ સ્ટડીનો વિકાસ, ક્ષેત્રના પ્રયોગો અને સંશોધન અભ્યાસો, રિટેલ ટેક વેબિનાર, સમ્મેલનો અને બીજી ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે. આ હસ્તક્ષેપ વિચારોના સ્વસ્થ ક્રોસ-પોલિનેશન અને કંપનીઓ અને ઉદ્યોગો વચ્ચે જ્ઞાન પ્રદાન કરવાની મંજૂરી આપશે એટલું જ નહીં, પરંતુ આ સાથે ગ્રાહકોની આદતો, ઉપયોગ, ઉત્પ્રેરકો અને અવરોધોના સંદર્ભમાં શીખવા માટે સક્ષમ કરવા માટે ઓપન ડેટા સ્ત્રોતો બનાવવામાં પણ મદદ કરશે.

આ સહયોગથી સેક્ટરને કેવી રીતે લાભ મળશે તેના પર પોતાના વિચારો જણાવતા ફ્લિપકાર્ટના ચીફ પ્રોડક્ટ અને ટેક્નોલોજી ઓફિસર, જયન્દ્રન વેણુગોપાલે જણાવ્યું હતું કે, "ભારતમાં આધુનિક રિટેલ ઇકોસિસ્ટમ છેલ્લાં

ઘણાં વર્ષોમાં ઝડપી ડિજિટલ અંગીકરણથી અભૂતપૂર્વ ઝડપે વેગીલી બની છે. ઝડપી બદલાતી ગ્રાહક પસંદગીઓ અને જરૂરિયાતો સાથે, બ્રાન્ડ્સ માટે આ ગતિશીલ બજારમાં વિકાસ કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે ટેકનોલોજીની શક્તિનો લાભ ઉઠાવવો. આઈઆઈએમએ સાથેના અમારા સહયોગ અને ગ્રાહક સર્વેક્ષણમાંથી મળેલી આંતરદૃષ્ટિ દ્વારા, અમે તકોને ઓળખવા અને જ્ઞાનની વહેંચણી, સંશોધન અને તાલીમ માટે ફોરમ બનાવવાનો ઈરાદો ધરાવીએ છીએ જે કિરાણા દુકાનો, રિટેલર્સ અને ગ્રાહકો માટે વધુ મૂલ્યવાન બનવા માટે રિટેલ ઈકોસિસ્ટમને પરિવર્તિત કરવામાં મદદ કરશે."

આઈઆઈએમએ ખાતે ડિજિટલ રૂપાંતરણ કેંદ્રનું ઉદ્ઘાટન ગયા વર્ષે કરવામાં આવ્યું હતું અને તે એવી પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે ડિજિટલ ઇકોસિસ્ટમની સમજણમાં વધારો કરે અને નેતૃત્વને ઉત્પ્રેરિત કરે, કારણ કે તે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે વિચારશીલ નેતૃત્વ પ્રદાન કરવા માટે સંશોધન અને વિકાસમાં તેની કુશળતાનો લાભ લે છે.

**<u>આઇઆઇએમ અમદાવાદ વિશે:</u>**
ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઇઆઇએમએ) એ એક અગ્રણી, વૈશ્વિક પ્રબંધ સંસ્થાન છે જે પ્રબંધ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે રહી છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ અગ્રણીઓઓને પોષવા, ઉદ્યોગ, સરકાર, સામાજિક સાહસને સમર્થન આપવા અને સમાજ પર પ્રગતિશીલ અસર બનાવીને તે દ્વારા શિષ્યવૃત્તિ, વ્યવહાર અને નીતિમાં અનુકરણીય યોગદાન માટે સર્વસ્વીકૃત છે.

આઇઆઇએમએની સ્થાપના 1961 માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તેણે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત બનાવ્યું છે અને આજે તેની પાસે 80થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નેટવર્ક છે અને દુબઈમાં પણ હવે મોજૂદ છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને લગભગ 40,000થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દા ધરાવે છે તેઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે.

આટલાં વર્ષોમાં, આઇઆઇએમએ એ શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર સંચાલિત અને સામાજિક રીતે પ્રભાવશાળી કાર્યક્રમોથી વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. ઇક્વિસ તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બની. તેના પ્રખ્યાત બે-વર્ષીય અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપી) એ એફટી માસ્ટર્સ ઇન મેનેજમેન્ટ રેન્કિંગ્સ 2020માં 20મું સ્થાન મેળવ્યું છે અને એક્ઝિક્યુટિવ્સ માટેના એક વર્ષના અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપીએક્સ)ને એફટી ગ્લોબલ એમબીએ રેન્કિંગ-2021માં 48મું સ્થાન આપવામાં આવ્યું છે. આ સંસ્થાને ભારત સરકારના રાષ્ટ્રીય સંસ્થાગત રેંકિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ), ઇન્ડિયા રેન્કિંગ્સ 2020માં પણ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આઇઆઇએમએ વૈવિધ્યસભર પ્રેક્ષકો માટે વૈવિધ્યપૂર્ણ, મિશ્રિત અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કાઉન્સેલિંગ સેવાઓ અને 200થી વધુ ક્યુરેટેડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ પ્રસ્તુત કરે છે. આમાં વ્યવસાય લીડરો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર સેનાદળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે. આઇઆઇએમએ વિશે વધુ માહિતી માટે કૃપા કરીને આ લિંક પર ક્લિક કરો: https://www.iima.ac.in/

મીડિયા પ્રશ્નો માટે, કૃપા કરીને નીચે જણાવેલા લોકોનો સંપર્ક કરો
સોફિયા ક્રિસ્ટીના | gm-comm@iima.ac.in
સુનિતા અરવિંદ | pr@iima.ac.in | +91-8450900643

## ફ્લિપકાર્ટ ગ્રુપ વિશે

ફ્લિપકાર્ટ ગ્રૂપ ભારતની અગ્રણી ડિજિટલ વાણિજ્ય સંસ્થાઓમાંની એક છે અને તેમાં ગૃપ કંપનીઓ ફ્લિપકાર્ટ, મિંત્રા, ફ્લિપકાર્ટ હોલસેલ, ફ્લિપકાર્ટ હેલ્થ પ્લસ અને ક્લિયરટ્રિપનો સમાવેશ થાય છે. આ ગૃપ ફોનપેમાં બહુમતી શેરહોલ્ડર પણ છે, જે ભારતમાં અગ્રણી પેમેન્ટ એપ્સમાંની એક છે.

2007 માં શરૂ થયેલા ફ્લિપકાર્ટ ગૃપે 80થી વધુ શ્રેણીઓમાં 150 મિલિયનથી વધુ ઉત્પાદનો ઓફર કરીને, 400 મિલિયનથી વધુના નોંધાયેલા ગ્રાહક આધાર સાથે, લાખો ગ્રાહકો, વિક્રેતાઓ, વેપારીઓ અને નાના વ્યવસાયોને ભારતની ડિજિટલ વાણિજ્ય ક્રાંતિનો ભાગ બનવા સક્ષમ બનાવ્યા છે. ભારતમાં વાણિજ્યનું લોકશાહીકરણ, ત્યાં સુધીની પહોંચ અને એફોર્ડેબિલિટી, ગ્રાહકોને ખુશ કરવા, ઇકોસિસ્ટમમાં લાખો નોકરીઓનું સર્જન કરવા અને ઉધોગસાહસિકો અને એમએસએમઈની પેઢીઓને સશક્ત કરવાના અમારા પ્રયાસોએ અમને ઘણા ઉધોગો પર નવપ્રવર્તન લાવવા માટે પ્રેરણા આપી છે. ફ્લિપકાર્ટ કેશ ઓન ડિલિવરી, નો કોસ્ટ ઈએમઆઇ અને સરળ વળતર (ઇઝી રિટર્ન) જેવી અગ્રણી સેવાઓ માટે જાણીતું છે જે ગ્રાહક-કેન્દ્રિત નવપ્રવર્તન છે જેણે લાખો ભારતીયો માટે ઓનલાઇન શોપિંગને વધુ સુલભ અને સસ્તું બનાવ્યું છે. ફ્લિપકાર્ટ પોતાની ગૃપ કંપનીઓ સાથે મળીને ટેક્નોલોજી દ્વારા ભારતમાં વાણિજ્યમાં પરિવર્તન લાવવા માટે પ્રતિબધ્ધ છે.

વધુ માહિતી માટે, કૃપા કરીને media@flipkart.com નો સંપર્ક કરો